ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 21st March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વીક્ટોરિયા પાર્ક ખાતે

**વિશ્વ વન દિવસની ઉજવણી હેતુ ‘વન અપણો ઉર્જા મિત્ર’ કાર્યક્રમ યોજાયો.**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી જીલ્લાની શાળાઓ, કોલેજો ઉપરાંત મહિલા મંડળો અને ખેડૂતો માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. ઉપરાંત વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

૨૧ માર્ચને સમગ્ર વિશ્વમાં ‘વિશ્વ વન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર પ્રાથમિક શાળા નં. 55ના વિદ્યાર્થીઓ માટે **તા. ૨૧ માર્ચ, ૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૮:૦૦ કલાકથી બપોરના ૦૧:૩૦ કલાક સુધી વિક્ટોરિયા પાર્ક**, ભાવનગર ખાતે ‘વિશ્વ વન દિવસ’ની ઉજવણી નિમિત્તે ‘વન ઉર્જા આપણો મિત્ર’ કાર્યક્રમ યોજેલ.

‘વન ઉર્જા આપણો મિત્ર’ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ માત્ર વૃક્ષોને જ નહિ પરંતુ સમગ્ર પ્રકૃતિને સમજે અને આવનારી પેઢી માટે તેનું જતન કરે તેવા હેતુ સહ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ. કાર્યક્રમમાં પર્યાવરણની સમતુલામાં અને પોષણ કડીમાં રહેલ વૃક્ષોના સ્થાનને સમજી જીવ સૃષ્ટિના જીવોને વન દ્વારા વિવિધ પ્રકારે પ્રાપ્ત થતી ઉર્જા અને તેના લાભોને તજજ્ઞ શ્રી યશપાલભાઈ વ્યાસ અને હર્ષભાઈ મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને સમજવામાં આવેલ. કાર્યક્રમમાં વિવિધ વૃક્ષોની જાણકારી આપી વૃક્ષોનો અનેક યુગોથી કરવામાં આવતો ઔષધી તરીકેના ઉપયોગને સમજવવા ઔષધીવનની વિદ્યાર્થીઓ મુલાકાત લીધેલ. ત્યાર બાદ નર્સરી અને સંશોધન કેન્દ્રમાં થતા વિવિધ વૃક્ષોના છોડ ઉછેરની માહિતી પ્રાપ્ત કરી હતી. તજજ્ઞ શ્રીઓ દ્વારા વિક્ટોરિયા પાર્કમાં જોવા મળતા વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓની ઓળખ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત વિધાર્થીઓએ વિઝ્યુલ રૂમમાં ગુજરાત સરકાના વનવિભાગ દ્વારા રાજ્ય સ્તરે થતી ઉજવણીને લાઈવ નિહાળી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો એમ કુલ મળીને ૬૩ લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવનગર વનવિભાગનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયેલ. જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) ૨૧/૩/૧૭

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.